(૩૨) મેં ૨ આનીની કોપીબુક, ૩ આનાની સ્લેટ અને ૨ પાવલીની ચોપડી લીધી તો કુલ કેટલું ખર્ચ થયું ?
(૩૩) આ મારા હાથમાં શું છે ? તે કઇ ધાતુની છે ? એના કેટલા રૂપીઆ આવે ? (મહોર બતાવી સમજણ પાડવી.)
(૩૪) મે મહોર વટાવી ૪ રૂપીઆની ટોપી લીધી તો બાકી શુ રહેશે?

ધોરણ ૨ જું.

અગીઆરાથી ત્રીસા સુધી.

(૧) ૧૧ ઘર છે અને દરેક ઘરમાં ૨ માણસ છે તો બધાં મળીને કેટલાં માણસ હશે ?
(૨) એક પૈસાનાં ૨ કેળા મળે છે તો ૨૨ કેળાનુ શું બેસે ?
(૩) ૧૧ રૂપીઆની પાવલીઓ કેટલી ? બેઆની કેટલી ?
(૪) મારી પાસે ૨૭૫ ચોપડીઓ છે તેમાંથી ૨૯ વેચી તો બાકી કેટલી રહી ?
(૫) ૭ આનાની પાઇ કેટલી ? ૮૬ પાઇના આના કેટલા ?
(૬) એક રૂમાલના ૩ પૈસા તો ૧૩ રૂમાલનુ શુ બેસે ?
(૭) ૩૯ માં ૧૩ કેટલીવાર છે ? કેટલા સતાં ૯૧ ?
(૮) ૬ પૈસા ને ૬ પાઇ મળીને કેટલા આના થાય ?
(૯) એક બારીને ૮ કાચ છે તો એવી ૧૪ બારીઓના કાચ કેટલા?
(૧૦) રૂ. ૪૯ ઉમેરવાથી મારી કોથળીમાં રૂ. ૨૪૯ થયા તો પહેલાં કોથળીમાં કેટલા રૂપીઆ હશે ?
(૧૧) એક ખુરસીના ૪ રૂપીઆ બેસે તો ૧૪ ખુરસીનુ શુ ?
(૧૨) ૧૫ પાવલાંની બેઆની કેટલી ? ૧૧૨ આનીના અડધા કેટલા ?
(૧૩) એક અઠવાડીઆના ૭ દિવસ તો ૧૫ અઠવાડીઆના કેટલા ?
(૧૪) મારી પાસે કેરી, દાડમ ને કેળાં મળીને ૨૦૯ નંગ છે, તેમાં ૧૯ કેરી અને ૩૨ દાડમ છે તો કેળાં કેટલાં હશે ?

(૧૫) ૨ પાવલાના પૈસા કેટલા? ૬ રૂપીઆના આના કેટલા?
(૧૬) છોકરા દીઠ ૭ બોર પ્રમાણે ૧૬ છોકરાને આપતાં ૪ બોર વધ્યા તો બોર કેટલાં?
(૧૭) ૬૮ પૈસાના આના કેટલા? ૫૧ પાઇના પૈસા કેટલા?
(૧૮) એક ટોપીના ૭ રૂ. તો ૧૧૯ રૂ. ની કેટલી ટોપીઓ આવે?
(૧૯) એક આનાની ૭ લેખે કેરી વધારે આવે કે બે આનીની ૧૫ લેખે વધારે આવે?
(૨૦) ૬ આનાની પાઇ ૧૮ ભીખારીને વહેંચીએ તો દરેકને કેટલી આવે?
(૨૧) મારી ઉંમર હાલમાં ૮૭ વર્ષની છે તો ૩૮ વર્ષ પહેલાં હું કેટલા વર્ષનો હોઇશ?
(૨૨) ૨ પાઇની ૧ લેખે ૧૮ આનાની લેખણો કેટલી આવે?
(૨૩) કઇ સંખ્યામાંથી ૩૪ બાદ કરીએ તો ૩૧૬ રહે?
(૨૪) ૩ પાવલી, ૩ અડધા અને ૧ રૂપીઓ એના આના કેટલા?
(૨૫) એક રૂપીઆની પાઇના કેટલી પાઇ નાંખીએ તો ૨ શતક થાય?
(૨૬) એક ચોપડીમાં ૯ પાનાં છે તો ૧૯ ચોપડીઓનાં પાનાં કેટલા?
(૨૭) તેર નવા, સત્તર ચોક, ઓગણીસ પંચુ, સત્તાવીસ સતું ને ઓગણીસ છક કેટલા?
(૨૮) મારી પાસે ૭૫ પતાસાં છે તેમાંથી દરેકને ૪ આપવાં છે અને માણસો ૧૯ છે તો કેટલા ખૂટશે?
(૨૯) ૭૬ પાવલી ને ૧૩૬ બેઆની એ બેમાં કોણ કેટલું વધારે?
(૩૦) કઇ સંખ્યામાં ૪૨ ઉમેરીએ તો ૩૦૪ થાય?
(૩૧) ૧૯ ને ૧૯ ૩૮, ૩૮ ને ૧૯ ૫૭ એમ ૩૦૯ સુધી બોલો.
(૩૨) એક માણસને ૨૦ આંગળાં તો ૭ માણસના કેટલાં?
(૩૩) ૨૦ વાર ૯ એટલે કેટલા? કેટલીવાર ૭ લઇએ તો ૧૩૩ થાય?
(૩૪) ૧ બેઆની, ૧ પાવલુ અને એક અર્ધો મળી રૂપીઆ કરતાં કેટલું ઓછું?
(૩૫) ૧૭૮ ગાય, ૧૯ બકરી અને ૩૮ ઘોડા મળીને કેટલાં ઢોર થાય?
(૩૬) ૫ નારંગીના ૨૫ પૈસા બેસે તો ૭ નારંગીનું શું?

(૩૭) કેટલા નવાં ચુંમાળસો, કેટલાં અઠ્ઠાં ચુંમાળસો ?

(૩૮) ૫૪ પેનો ખોવાઇ ગયા પછી ૩૯૬ રહી તો પહેલા કેટલી હશે ?

(૩૯) એકવીસ ૨૧ છોકરાની ૭ હારો થતાં ૪ છોકરા વધ્યા તો નિ-શાળમાં વિદ્યાર્થી કેટલા ?

(૪૦) એક મણના ૨૨ રૂ. બેસે છે તો ૮ મણનું શુ ?

(૪૧) એક પેટીમા ૧૨ દાબડીઓ છે, દરેક દાબડીના બાર બાર રૂપી-આ અને બાર બાર પૈસા છે તો બધા મળીને કેટલા રૂપીઆ હશે ?

(૪૨) પૈસાનાં ૮ જાબુ મળે છે તો ૨૩ પૈસાનાં કેટલા ?

(૪૩) ૭ બેઆનીની પાઇ કેટલી ? ૧૮૪ પાઇની બેઆની ?

(૪૪) ૨૫ ભીખારીમાંના દરેકને સાત ૭ પાઈ આપતાં ૫ પાઈ ખુટે છે તો મારી પાસે શુ હશે ?

(૪૫) એક ઝાડ ઉપર ૩૪૫ પક્ષી છે. તેમાં ૭૫ ચકલી, ૬૭ કાગડા ને બાકીના પોપટ છે તો પોપટ કેટલા હશે ?

(૪૬) ૨૩૪ પેનો કેટલા છોકરાને વહેંચીએ તો દરેકને ૯ આવે ?

(૪૭) કેટલીવાર ૨૭ લઇએ તો ૨૧૬ થાય ?

(૪૮) મેં ૧૯૬ રૂપીઆનું ૭ મણ ઘી લીધુ તો મણ કેમ પડ્યુ ?

(૪૯) ૨૪ ચોવીસ રૂપીઆની ૧૨ ઢગલીના બાર ૧૨ રૂપીઆની ૪ ઢ-ગલી નાખીએ તો કેટલા રૂપીઆ થાય ?

(૫૦) ૨૯ માણસો વચ્ચે રૂ. ૯—૧—૦ વહેંચીએ તો દરેકને શુ મળશે?

(૫૧) ૭ પૈસાનુ ૪૯ શેર તો ૧૫ પૈસાનું કેટલુ ?

(૫૨) ૭॥ મણ પેંડા ૩૦ છોકરાને વહેંચતા દરેકને કેટલા આવે ?

અડધાં.

(૧) એક જમરૂખ બે છોકરાને સરખે ભાગે વહેંચીએ તો દરેકને કે-ટલું આવે ?

(૨) બે અર્ધી પેનો ભેગી કરીએ તો આખી કેટલી થાય ?

(૩) અર્ધી પેન તે આખી પેનનો કેટલામો ભાગ છે ?

(૪) બે આખા લાડુના અર્ધા લાડુ કેટલા ? ૪ અર્ધાના આખા ?
(૫) એક આખો કાગળ ને બીજો અર્ધો મળીને કેટલો કહેવાય ?
(૬) દોઢ પેંડામાં અર્ધો પેંડો ઉમેરીએ તો કેટલા થાય ?
(૭) મારી પાસે ૨ રૂપીઆ છે ને બીજો અર્ધો આવે તો કેટલા થાય ?
(૮) અઢીને અર્ધો કેટલા ? કેટલા અર્ધાના અઢી થાય ?
(૯) ૦॥, ૧, ૧॥, ૨ એમ ૨૨ સુધી બોલી જાઓ. ઉલટું બોલો.
(૧૦) સાડાત્રણ પૈસામાંથી ૦॥ પૈસો ખોવાઇ ગયો તો કેટલા રહ્યા ?
(૧૧) ૩–૪––૫–૬–૭ આખા પૈસાના અર્ધા પૈસા કેટલા ?
(૧૨) ૪ પેંડા ૮ માણસને વહેંચીએ તો દરેકને ભાગ કેટલો આવે ?
(૧૩) એક ટોપીનો ૦॥ રૂપીઓ તો ૧૨ ટોપીઓનું શું બેસે ?
(૧૪) ૧૮॥ શેર ઘીમાં કેટલુ નાંખીએ તો ૦॥ મણ થાય ? કેટલુ કાઢી લઇએ તો અધમણમાં ૪ શેર ઓછુ રહે ?
(૧૫) ૨૨ આખા રૂપીઆના અર્ધા કેટલા ? ૩૬ ને ૩॥ કેટલા ?
(૧૬) ૨॥ ને ૨॥, ૩॥ ને ૨॥ અને ૧૭॥ ને ૪॥ કેટલા ?
(૧૭) એક ખેતરમાં ૩૬॥ મણ ઘઉં અને ૨૧॥ મણ બાજરી થઇ તો કુલ અનાજ કેટલું પાકયું ? ૧૭ મણના અધમણીઆ કેટલા ?
(૧૮) ૪૭॥ મણ અનાજમાંથી ૧૨॥ મણ વેચ્યુ તો બાકી કેટલું રહ્યું ?
(૧૯) દરેક છોકરાને ૦॥ પૈસો આપતાં ૭ આના કેટલાને અપાય ?
(૨૦) કઇ સંખ્યામાથી ૩॥ લઇ લઇએ તો ૩૨॥ રહે ?
(૨૧) એક ગાયને રોજ ૦॥ મણ અનાજ જોઇએ તો ૨૮ મણ અ. નાજ કેટલા દિવસ ચાલશે ?
(૨૨) ૬૨ અર્ધાના આખા રૂપીઆ કેટલા ? ૫૬ આની કેટલા અર્ધા બરાબર થાય ?
(૨૩) એક બેઆનીમાથી દરેક બ્રાહ્મણને ૦॥ પૈસો દક્ષિણા આપતા કેટલાને પહોંચશે ?
(૨૪) રોજ અર્ધા રૂપીઆનું શાક જોઇએ તો ૩૨ રૂપીઆનું કેટલા દિ. વસ પહોંચે ?
(૨૫) અઢી રૂપીઆમાંથી દરેકને ૦॥ આનો આપતાં કેટલાને પહોંચી

શકે ? ૭૦ અર્ધાં કેટલા? કેટલા અર્ધે ૩૮॥ ?

(૨૬) એક કેરીનો ૦॥ આનો તો ૭૬ કેરીઓનું શું ? ૮૬ અર્ધે ?

(૨૭) હું રોજ ૦॥ રૂપીઓ કમાઉં છું તો ૭૨ દિવસમાં કેટલા કમાઇશ ? કેટલીવાર ૦॥ લઇએ તો ૩૯ થાય ?

(૨૮) એક વીઘા જમીનમાં ૦॥ મણ અનાજ પાકે તો ૭૫ વીઘામાં કેટલુ પાકશે ?

(૨૯) પાવલાની ૫ કેરી મળે છે તો ૧૭ અર્ધાની કેટલી ?

(૩૦) માણુસ દીઠ ૦॥ શેર પતાસાં આપતાં મણુ કેટલાને પહોંચે ?

(૩૧) ૫૬ રૂપીઆ, ૨૪ અર્ધા ને ૧૨ પાવલી મળીને કેટલા રૂપીઆ થાય ?

(૩૨) ૦॥ શેરનો લોટો ભરીને કેટલીવાર દૂધ લઇએ ૪૪ શેર થાય

(૩૩) ૨૬ પૈસાનું ૦। મણુ ને ૬ શેર તો રૂપીઆનું કેટલું ?

(૩૪) ૨૫ પૈસાનુ ૬ શેર તો ૧૨॥ પૈસાનુ કેટલું ?

પાયાં.

(૧) એક કાગળના ૪ સરખા ભાગ કરીએ તો દરેક કેટલો થાય ?

(૨) એક લીંબુના ૨ ચોથા ભાગ એકઠા કરીએ તો કેટલુ થાય ?

(૩) કેટલીવાર પા પા કાગળ લઇએ તો આખો થાય ?

(૪) એક રૂપીઓ અને ૦। રૂપીઓ મળીને કેટલો થાય ?

(૫) પાંચ પાવલીઓ ભેગી કરવાથી કેટલા રૂપીઆ થાય ?

(૬) દરેકને ૦। રૂ. આપતાં ૧। રૂ કેટલા માણુસને પહોચે ?

(૭) ૬। રૂ. પાંચ માણુસને વહેચતા દરેકને ભાગ શું આવે ?

(૮) મારો અને મગનનો મળીને ૧ રૂ. છે તેમાં મારા કરતાં મગનના ૨ આના વધારે છે તો દરેકની પાસે શું હશે ?

(૯) સવા રૂપીઆમા ૦। રૂપીઓ નાંખીએ તો કેટલા થાય? બેના ૦। ઓછો લખો જોઇએ ? પોણા ત્રણુ એટલે કેટલા ?

(૧૦) પોણાચાર ને ૦। કેટલા? સાત ને ૦। કેટલા ? કેટલાં પાવલાં હોય તો ૬। રૂપીઆ થાય ?

(૧૧) ૦।, ૦॥, ૦॥।, ૧ એમ ૨૦ સુધી બોલો. ઉલટું બોલો.

(૧૨) ૫ રૂપીઆની પાવલી કેટલી? ૧૨ પાવલીના રૂપીઆ કેટલા?

(૧૩) એક બ્રાહ્મણને ૦। રૂપીઓ આપીએ તો ૨૭ બ્રાહ્મણને આપવા કેટલા જોઇએ? ૭॥ રૂપીઆ કેટલાને અપાય?

(૧૪) ૩। ને ૩। કેટલા? ૨૭ ને ૪। ? ૧૩ આખાના ૦। કેટલા?

(૧૫) મણના પા મણીઆ કેટલા? ૯ મણની દશશેરી કેટલી?

(૧૬) દરેકને એકેક પાઇ લેખે આપતાં ૦। રૂપીઓ કેટલાને અપાય?

(૧૭) કેટલીવાર પા પા લઇએ તો ૧૧॥ થાય?

(૧૮) ૧૪। શેર પેંડામાંથી ૭ માણસને ૦। પા શેર આપ્યા તો કેટલા રહ્યા?

(૧૯) મારા ખેતરમાં ૪૨। મણ ઘઉં અને ૧૨। મણ બાજરી થઇ તો કુલ કેટલું અનાજ થયુ કહેવાય?

(૨૦) એક ટોપીનો ૦। રૂપીઓ તો ૫૭ ટોપીઓનું શું બેસે?

(૨૧) તમારી પાસે ૫૨। ગજ લુગડું હતું તેમાંથી ૧૧। ગજ વેચ્યું તો બાકી કેટલું રહ્યું?

(૨૨) દરેક છોકરાને ૦। પા શેર બરફી આપતાં ૭૨ છોકરાને આપવા કેટલી બરફી જોઇશે?

(૨૩) છોકરા દીઠ ૦। રૂપીઓ ઇનામ આપતાં ૨૩ રૂપીઆ કેટલાને અપાય?

(૨૪) ૧૪ આખા, ૩૬ અડધા ને ૯ પા મળીને કેટલા થાય?

(૨૫) ૩૭॥ શેર ઘીમાંથી ૭॥ શેર બ્રાહ્મણને આપ્યું અને ૫ શેર ઘરમાં વપરાયું તો કેટલું રહ્યું?

(૨૬) ૮૪ વખત તોલાથી તોળવાને બદલે મણીઆથી કેટલીવાર જોખવું પડે?

(૨૭) પૈસાનું શેર શાક મળે છે તો મણના કેટલા આના બેસે?

(૨૮) પોણોસો ને પોણીસોમાં શો ફેર છે? લખો જોઇએ?

(૨૯) ૦। પા રૂપીઓ રોજ બચાવતાં ૬૦ રૂપીઆ કેટલા દિવસે બચે?

(૩૦) ૧૨ પૈસાનું ૩ શેર તો ૧ પૈસાનું કેટલું?

(૩૧) ૨૩ પૈસાનું ૫ાા શેર તો ૬૫ પૈસાનું કેટલું ?

(૩૨) ૨૪ પૈસાનું ૧૭ શેર તો ૬ પૈસાનું કેટલું ?

દોઢાં.

(૧) એક આખું લીંબુ અને બીજું અર્ધું મળીને કેટલું થય ?

(૨) દોઢ કાગળ કેવી રીતે લેવાય ? દોઢ એટલે કેટલું ?

(૩) એકમાં શું ઉમેરીએ તો ૧ાા થાય ? સવામાં શું ઉમેરીએ તો દોઢ થાય ? ૨ માંથી શું બાદ કરવાથી દોઢ રહે ?

(૪) કેટલીવાર ૦ાા લઇએ તો દોઢ થાય ? કેટલીવાર ૦ા લઇએ તો ૧ાા થાય ? ૧ાા કરવાને ૦ાા કેટલીવાર લેવો પડે ?

(૫) ૫ ને ૧ાા કેટલા ? ૧૪ાા ને ૧ાા કેટલા ? ૩૨ાા ને ૧ાા કેટલા ?

(૬) ૧ાા, ૩, ૪ાા એમ ૧૨૦ સુધી બોલી જાઓ. ઉલટું બોલો.

(૭) એક કેરીનો ૧ાા પૈસો બેસે તો ૨૫ કેરીનું શું બેસે ? ૪૫ નું ?

(૮) ૧૬ વાર દોઢ એટલે કેટલા ? કેટલા દોઢુ ૪૦ાા ?

(૯) ૧૭ માંથી ૧ાા જાય તો શું રહે ? ૨૬ાા માંથી ૧ાા જાય તો ?

(૧૦) એક છોકરાની રૂ. ૧ાા ફી ભરવી પડે તો ૫૨ છોકરાની કેટલી ?

(૧૧) ૭૫ માંથી ૧ાા જેવડા કેટલા ભાગ થાય ?

(૧૨) એક રૂપીઆભારનો રૂ. ૧ાા બેસે તો ૧ાા શેરનું શું ?

(૧૩) કઇ સંખ્યામાંથી ૪ાા બાદ કરીએ તો ૬૭ રહે ?

(૧૪) કેટલી વખત ૧ાા લેવાથી ૯૪ાા થાય ? ૮૭ દોઢે શું ?

(૧૫) દોઢ પૈસાની પૈસાભાર ઇલાયચી મળે છે તો શેર કેમ પડી ?

(૧૬) રોજના ૧ાા રૂપીઆ પ્રમાણે ૫૪ દિવસનું શું ખર્ચ થશે ?

(૧૭) કેટલા ઘીમાં ૧૪ાા શેર ઉમેરવાથી ૧ાા મણ થાય ?

(૧૮) દરેક છોકરાને ૧ાા આના લેખે ૬૨ છોકરાને આપતાં મારી પાસે ૩ આના વધે છે તો પ્રથમ કેટલા રૂપીઆ હશે ?

(૧૯) દોઢ મણ દૂધમાંથી ૩૯ વાર ૧ાા દોઢ શેર કાઢી લેવાથી કેટલું વધે ઘટે ?

(૨૦) શેર શાકના ૧ાા આના પ્રમાણે ૧ મણનું શું બેસે ?

(૨૧) એક ટીકીટનો રૂ. ૦)ના બેસે તો ૬ રૂપીઆમાંથી ટીકીટો કેટલી આવશે ?
(૨૨) ૬ પૈસાનું ૯ શેર તો ૧ પૈસાનું કેટલું ?
(૨૩) ૧૭ પૈસાનું ૨૫ા શેર તો ૩૫ પૈસાનું ?
(૨૪) પાવલાનું ૧૪ શેર તો ૬ આનાનું કેટલું ?

અઢીઆં.

(૧) બે રૂપીઆ અને ૦ા રૂપીઓ મળીને કેટલા થાય ?
(૨) અઢી જમરૂખ શી રીતે લેવાય ? અઢી એટલે કેટલા ?
(૩) કેટલીવાર ૦ા લઇએ તો ૨ા થાય ? કેટલીવાર ૦ા લઇએ તો ૨ા થાય ? અઢીમાં ૧ા કેટલીવાર છે ?
(૪) કેટલામાં દોઢ ઉમેરીએ તો ૨ા થાય ?
(૫) ૨ા, ૫, ૭ા, ૧૦ એમ ૨૫૦ સુધી બોલો. ઉલટું બોલો.
(૬) ૬ા ને ૨ા કેટલા ? ૧૯ ને ૨ા કેટલા ? ૨૭ા ને ૨ા કેટલા ?
(૭) શેર ઘીમાંથી ૨ા અઢા રૂપીઆભાર જેવડા કેટલા ભાગ થાય ?
(૮) ૧૪ વાર અઢી એટલે કેટલા ? ૨ા રૂપીઆ ને ૨ા આનામાં શો ફેર ?
(૯) એક પાઘડીના ૨ા રૂપીઆ બેસે તો ૧૭ નું શું ? ૪૨ નું શું ?
(૧૦) છોકરા દીઠ ૨ા આના આપતાં ૩૮ છોકરાને આપવા શું જોઇશે
(૧૧) કેટલીવાર ૨ાઃ લેવાથી ૮૦ થાય ? ૬૬ અઢીએ કેટલા ?
(૧૨) ૫ મણની ૨ા શેરીઓ કેટલી ? ૭૪ વાર અઢી એટલે કેટલા ?
(૧૩) પાઇની ૨ા શેર ભાજી મળે છે તો અડધાની કેટલી ?
(૧૪) અઢી રૂપીઆના આના કેટલા ? ઢબુ કેટલા ? પૈસા ?
(૧૫) અધોળ એલાયચીના ૨ા આના બેસે તો ૫ શેરનું ?
(૧૬) એવી કઇ રકમ છે કે જેમાંથી ૭ા કાઢી લઇએ તો ૯૨ા રહે ?
(૧૭) એક આનાની ૪ કેરી મળે છે તો ૨ા રૂપીઆની કેટલી ?
(૧૮) માણસ દીઠ ૨ા શેર દૂધ ગણતાં ૪ મણમાં કેટલાં માણસ જમે ?
(૧૯) શેરના ૨ા રૂપીઆ તો મણનું શું ?

(૨૦) આઢી આનાની એક લેખે ૫૪ ને ૧ાા આનાની એક લેખે ૩૪ નારંગી લીધી તો કુલ કેટલું ખર્ચ થયું હશે?
(૨૧) ૭ પૈસાનુ ૧ના શેર તો ૧ પૈસાનુ કેટલુ?
(૨૨) ૧૧ પૈસાનુ ૨ાાા શેર તો ૪૭ પૈસાનું કેટલુ?
(૨૩) ૩૨ પૈસાનું ૫૫ શેર તો ૮૦ પૈસાનું?

અધોળ, નવટાંક, શેર ને મણ.

તોલની ધાતો શીખવતી વખતે એક શેરીઓ, ૨ અચ્છેરા, ૪ પાશેરા, ૮ નવટાંકાં, ૧૬ અધોળાં, રૂપીઆ અને પૈસા એટલાં સાધન પાસે રાખવાં. તથા મોટાં કાટલાં ન હોય તો છોકરાઓને કોઇ દુકાને લઇ જઇને બતાવવાં.

(૧) આ શેનું કાટલું છે? (અધોળી બતાવીને) તોળવાથી એનુ વજન કેટલા પૈસા બરાબર થાય? કેટલા રૂપીઆ બરાબર થાય?.
(૨) બે અધોળી બરાબર કેટલા પૈસાભાર થાય? કેટલા રૂપીઆભાર થાય? નવ પૈસાભારની બરાબર વજનના કાટલાનું નામ શું?
(૩) નવટાંકમાં ટાંક એટલે શું? એના રૂપીઆભાર કેટલા?
(૪) નવટાંકનાં અધોળાં કેટલાં? ૨ નવટાંકની બરાબરના કાટલાનું નામ શું? તે શાનું છે?
(૫) મેં નવટાંક બદામ લીધી, તેમાંથી ૨ પૈસાભાર ભાઇને આપી તો કેટલી રહી?
(૬) મેં ૯ પૈસાભાર અંજીર, અધોળ આદુ અને ૨ાા રૂપીઆભાર ઇલાયચી લીધી તો બધુ થઇને વજનમાં કેટલુ થયુ?
(૭) કેટલાં નવટાંકનો ભાર ૧૦ રૂપીઆભાર થાય?
(૮) પાશેર ખાંડ અને ૦ા શેર ઘી મળીને કેટલું થાય?
(૯) કેટલા પાશેરે અચ્છેર થાય? કેટલાં નવટાંકે? કેટલાં અધોળે?
(૧૦) અચ્છેરના રૂપીઆભાર કેટલા? પૈસાભાર કેટલા? શાથી જાણ્યું?
(૧૧) ૦ાા શેર ખાંડમાંથી નવટાંક વેરાઇ ગઇ તો બાકી કેટલી રહી?

(૧૨) મારી પાસે ૭ અધોળ ઘી છે અને તમારી પાસે ૧૭ રૂપીઆ-ભાર છે તો કોની પાસે કેટલું વધારે છે ?

(૧૩) ૩ નવટાંકીનો ભાર વધારે કે અચ્છેરાનો ? કેટલો વધારે ?

(૧૪) શેર ૦ાા= જોખવું હોય તો કેટલા પૈસા મૂકવા પડે ? કેટલા રૂપીઆ ?

(૧૫) શેરના અચ્છેરા કેટલા ? પાશેરા, નવટાંકાં, અધોળાં, રૂપીઆભાર ? પૈસાભાર ?

(૧૬) એક શેરીઓ અને પાશેરો હોય તો ૦ાાા શેર દૂધ શી રીતે જોખાય ?

(૧૭) અચ્છેર ને પાશેર મળીને કેટલા રૂપીઆભાર થાય ?

(૧૮) પાશેર એ શેરનો કેટલામો ભાગ છે ? નવટાંક કેટલામો ભાગ ?

(૧૯) ૨ાા શેરના પૈસાભાર કેટલા ? ૧ા શેરના રૂપીઆભાર કેટલા ?

(૨૦) ૨૭ાાા રૂપીઆભાર વધારે કે ૫૪ પૈસાભાર વધારે ?

(૨૧) શેર ઘી ૧૨ છોકરાને વહેંચીએ તો દરેકને કેટલા પૈસાભાર આવે ?

(૨૨) અધોળ, નવટાંક, પાશેર અને અચ્છેર મળીને શેરમાં કેટલું ઓછું ?

(૨૩) ૧૭ અધોળ ઘીમાં કેટલા અધોળ ઘી ઉમેરીએ તો ૧ા શેર થાય

(૨૪) એક મણના શેર કેટલા ? અધમણના કેટલા ? પા મણના ?

(૨૫) કેટલા અધમણીઆનો મણ થાય ? કેટલી દશશેરીનો ?

(૨૬) એક દશશેરા વડે દાણાના ઢગલામાંથી ૨ાા શેર શી રીતે જોખાય ?

(૨૭) અધમણીઆની આગળ ૨ાા શેરી વાળી લઇ તોળીએ તો કેટલું તોળાય ?

(૨૮) પાંચશેરીથી કેટલીવાર તોળીએ તો મણ થાય ? ૨ાા શેરીથી ? સવાશેરીથી ?

(૨૯) ૩૯ શેરમાં કેટલા શેર ઉમેરીએ તો ૧ા મણ થાય ?

(૩૦) મણના અધમણીઆ કેટલા ? દશશેરી ? પાંચશેરી ? અઢીશેરી ? સવાશેરી ?

(૩૧) દશશેરાના કાટલાથી ૨૫ શેર શી રીતે જોખાય ?

(૩૨) મણની પાંચશેરી વધારે કે અધમણની સવાશેરી વધારે ?

ત્રીજું ધોરણ.

પોણાં.

(૧) એક અર્ધો લાડુ ને બીજો પા લાડુ મળીને કેટલો થાય?
(૨) મેં એક બ્રાહ્મણને ૦॥ રૂપીઓ આપ્યો અને બાકી રહેલો ૦। રૂપીઓ પડી ગયો તો મારી પાસે શું હતું? પોણું એટલે કેટલું?
(૩) એક રૂપીઆમાંથી ૦॥। રૂપીઓ ખરચ્યો તો બાકી શું રહેશે?
(૪) આખા રૂપીઆમાંથી કેટલું ખરચીએ તો પોણું રહે? કેટલીવાર ૦। લેવાથી ૦॥। થાય?
(૫) મેં ૦॥ રૂ. ની ટોપી લીધી અને ૦॥। રૂ. ના કાગળ લીધા તો કુલ કેટલું ખરચ થયું?
(૬) ૪ ને ૦॥। કેટલા? ૧॥ ને ૨॥। કેટલા? ૧૩॥ ને ૬॥। કેટલા?
(૭) ૦॥।, ૧॥।, ૨॥।, ૩ એમ ૯૦ સુધી બોલો. ઉલટું બોલો.
(૮) મહીને ૦॥। રૂ. ફી ભરવી પડે તો એક વરસમાં કેટલી ફી ભરવી પડશે?
(૯) એક ટોપી ૨॥। રૂ. લઇ ૪। રૂ. વેચી તો કેટલો ફાયદો થશે?
(૧૦) એક ગજનો ૦॥। રૂ. બેસે તો ૨૯। રૂ. નું કેટલા ગજ લુગડું આવે?
(૧૧) મણ દૂધમાંથી ૯ વખત ૦॥। પોણો શેર કાઢી લઇએ તો કેટલું રહે?
(૧૨) મેં ૬॥। શેર દૂધ લઇને તેમાં ૧॥। શેર પાણી રેડયું, પછી બે આને શેર વેચ્યું તો શું ઉપજશે?
(૧૩) ૪૮ રૂપીઆની ૬૪ ચોપડીઓ મળે છે તો એકનું શું બેસે?
(૧૪) મેં સ્લેટ અને ચોપડીના મળીને ૯। આના આપ્યા, તેમાં ચોપડીની કીંમત ૫॥। આના હોય તો સ્લેટની કીંમત કેટલી?
(૧૫) ૨૭॥। વાર છીંટમાંથી પોણો પોણો વારના કેટલા કકડા થાય?
(૧૬) શેર આના ૧૨ આના બેસે છે તો ૦॥। મણનું શું બેસે?
(૧૭) ૪૮ પોણાના આખા કેટલા? કેટલા પોણું ૪૨।?

(૧૮) મારી પાસે ૪૫ મણ ઘઉં હતા, તેમાંથી ૧૧।। મણ ખાઇ ગયા તો બાકી કેટલા રહ્યા ?

(૧૯) ૭ દશશેરા, ૫ અધમણીઆ ને ૩ પોણામણીઆ મળીને કેટલા મણ થાય ?

(૨૦) એક ટોપીનો ૦।। રૂ. તો ૩૭ ટોપીનું શું ? ૭૯ પોણું ?

(૨૧) કેટલા શેર ઘીમાં ૮।।। શેર ઉમેરીએ તો ૧।।। મણ થાય ?

(૨૨) ૨ પૈસાની એક લેખે ૫૩ કેરી અને ૦।।। આનાના એક લેખે ૬૬ દાડમ લીધાં તો કુલ કેટલું ખર્ચ થયું ?

(૨૩) છોકરા દીઠ ૦।।। શેર પેંડા આપતાં ૧।। મણ પેંડા કેટલા છોકરાને પહોચે ?

(૨૪) સુતારને રોજનો ૦।।। રૂપીઓ મળે છે તો ૭ સુતારને ૧૬ દિવસનું શું મળશે ?

(૨૫) એક માણસ મારી પાસે રૂ. ૭૫। માગતો હતો, મેં તેને ૫૫ અડધા ને ૧૩ પાવલાં આપ્યાં તો હવે તે શું માગશે ?

(૨૬) બ્રાહ્મણ દીઠ રૂ. ૦।।। દક્ષિણા આપતા ૨૦૦ બ્રાહ્મણને આપવાને શું જોઇશે ? ૭૨ રૂપીઆ કેટલા બ્રાહ્મણને અપાય ?

(૨૭) ૬ પૈસાનું ૪।। શેર તો ૧ પૈસાનું કેટલું ?

(૨૮) ૧૨ પૈસાનું ૯ શેર તો ૫૭ પૈસાનું ?

(૨૯) ૩૪ પૈસાનું ૧૫ શેર તો ૨૫।। પૈસાનું ?

(૩૦) પાવલાનું ૦।।। શેર ઘી મળે છે તો ૧૨ શેરનું શું ?

સવાયાં.

(૧) એક આખો કાગળ ને બીજો ૦। કાગળ મળીને કેટલો થાય ?

(૨) સવા લીંબુ શી રીતે લેવાય ? સવા એટલે કેટલું ?

(૩) કેટલીવાર ૦। લેવાથી ૧। થાય ? ૨। માં ૦। કેટલીવાર છે ?

(૪) ૧। માં કેટલા ઉમેરીએ તો ૨ થાય ? ૩ ને ૧। કેટલા ?

(૫) પાઇની સવાશેર ભાજી મળે છે તો પૈસાની કેટલી આવે ?

(૬) ૧।, ૨।।, ૩।।। એમ ૧૨૫ સુધી બોલો. ઉલટું બોલો.
(૭) કેટલા શેરમાં ૧। શેર ઉમેરીએ તો ૫ શેર થાય?
(૮) એક આનાનું સવાશેર દૂધ મળે તો ૧ રૂપીઆનું કેટલું?
(૯) ૮।।। ને ૧। કેટલા? ૧૬।। ને ૧।? ૨૯। ને ૨।?
(૧૦) ૪૫ રૂપીઆમાંથી સવા સવા રૂપીઆ જેવડા કેટલા ભાગ થાય?
(૧૧) એક શેરના ૧૮ પેંડા થાય તો ૧। મણના કેટલા થશે?
(૧૨) કેટલીવાર સવા લઇએ તો ૭૩।।। થાય?
(૧૩) સવાશેરી વડે ૧।। મણ દૂધ કેટલીવાર માપવું પડે?
(૧૫) નવટાંકનો ૧। આનો બેસે તો રૂપીઆનું કેટલું આવે?
(૧૫) ૩૬।।। શેરમાં કેટલું ઉમેરીએ તો ૧। મણ થાય?
(૧૬) ૭૦ રૂપીઆ ૫૬ છોકરાને સરખે ભાગે વહેંચતા દરેકને શું મળશે?
(૧૭) દોઢમણ તેલમાંથી ૨૬ વાર સવા ૧। શેર તેલ લઇ લઇએ તો કેટલું રહે?
(૧૮) દરેકને ૧। રૂપીઆભાર ઘી આપતાં ૧૬૦ છોકરાને આપવા કેટલું જોઇએ?
(૧૯) હંમેશાં રૂ. ૧। ખરચતાં રૂ. ૫૮।।। કેટલા દિવસ પહોંચે?
(૨૦) ૨।। મણની સવાશેરીઓ કેટલી? ૭૩ સવાયે કેટલા?
(૨૧) મારે ૨। મણ લોટ જોઇએ છીએ, તેમા ૧।। ને ૩।। શેર છે તો બીજો કેટલો જોઇએ?
(૨૨) એક શેરનો સવા રૂપીઓ તો મણનું શું?
(૨૩) એક માણુસને ત્યાં ૨૪ ગાય અને ૭૪ બળદ છે, ગાયને રોજ ૧। શેર અને બળદને ૩।। શેર ચંદી આપતાં દરરોજ કેટલી ચંદી જોઇએ?
(૨૪) મેં ૭૯ દિવસ સુધી બ્રાહ્મણને રોજ સવા ૧। શેર લોટ આપ્યો તો કુલ કેટલો લોટ અપાયો?
(૨૫) ૮૮ સવાશેરી કેટલી અઢીશેરીની બરાબર થાય?
(૨૬) એક ઉજાણીમાં માણુસ દીઠ ૧। રૂપીઓ ખર્ચ થયું, તેમાં ૭૦ માણુસ જમનાર હતાં તો કુલ ખર્ચ કેટલું થયું હશે?

(૨૭) રોજ ૧ા રૂ. બચાવતાં રૂ. ૨૫૦ કેટલા દિવસે બચશે?
(૨૮) સવા રૂપીએ મણુ તો ર રૂપીઆનું? ર રૂ. નું ૧ા મણુ તો રૂ. ૮ નું?
(૨૯) ૧૦ પૈસાનું ૧૨ાા શેર તો ૧ પૈસાનું કેટલું?
(૩૦) ૧૨ પૈસાનું ૧૫ શેર તો ૪૨ પૈસાનું?
(૩૧) ૯ આનાનું ૨૯ શેર તો ૪૫ પૈસાનું?

પરચુરણ.

(૧) મારી નિશાળમાં ૨૬૪ છોકરા છે, તેમાં ૩૮ નવા આવ્યા અને ૧૪ ઉઠી ગયા તો બાકી કેટલા રહ્યા?
(૨) માણસ દીઠ પાશેર પતાસાં આપતાં ૦ાા મણુ કેટલાને અપાય?
(૩) મારી પાસે ૯૭ રૂપીઆ હતા, તેમાંથી રૂ. ૯ ની વછેરી લીધી અને દરેકના ૭ રૂપીઆ આપીને ૫ બકરી લીધી તો બાકી કેટલા રૂપીઆ વધ્યા?
(૪) ૮ાા મણુ પેંડામાંથી દરેક છોકરાને ૦ાા અર્ધા શેરનું પડીકું આપતાં ૪ પડીકાં ખૂટયાં તો છોકરા કેટલા હશે?
(૫) મારી પાસે મહોર છે અને મગન પાસે ૧૨ રૂપીઆ છે તો હું એને શું આપુ તો બન્ને પાસે સરખા રૂપીઆ થાય?
(૬) અડધા પૈસાનું સવાશેર તો પૈસાનું કેટલું આવે?
(૭) ૧૩ આનાનું ૫ શેર તો મણુનું શું?
(૮) ૪૮ાા મણુ અનાજનુ ભરેલું ગાડું જોખ્યું તો ૬૦ મણુ થયુ ત્યારે ગાડાનો ભાર કેટલો?
(૯) મેં ૭ પૈસાની એક લેખે ૧૬ કાપીબુકો લીધી અને ૦૧ આનાના ૪ પ્રમાણે ૧૦૮ કાગળ લીધા તો કુલ કેટલા પૈસા ખર્ચ થયું?
(૧૦) ૧ રૂપીઆનું ૧ાા શેર ઘી મળે છે તો ૨૮ રૂપીઆનું કેટલુ?
(૧૧) દરેક ભીખારીને નવટાંક નવટાંક ચણા આપતાં ૦ાાા મણુ ચણા કેટલાને પહોંચશે?

(૧૨) ૬ હારોમાં ૯૬ છોકરા બેસે તો એવી ચાર હારોમાં કેટલા છો- કરા બેસશે ?

(૧૩) ૩ પૈસાનું શેર તો પૈસાનું કેટલું ? ૮ પાઇનું શેર તો પાઇનું ?

(૧૪) અધોળના ૪ આના બેસે તો ૧ાા શેરનુ શું ?

(૧૫) ૧ રૂ નું ૨ાા શેર પ્રમાણે મેં ૧ાા મણ ઘી લીધું. પછી મણે ૨ આના જકાતના આપ્યા તો મણ શા ભાવે પડયું ?

(૧૬) ૨૬ આની, ૧૩ બેઆની અને ૭ પાવલાંના અર્ધા કેટલા ?

(૧૭) ૬ આનાના ૧૫ શેર કારેલાં મળે છે તો મણનું શું ?

(૧૮) કેટલા શેરમાં ૧ા શેર નાંખીએ તો બરાબર ૧ાાા મણ થાય ?

(૧૯) એવી કઇ સંખ્યા છે કે જેમાં ૩૯ ઉમેરી, તેમાંથી સવા ૧ા જે જેવડા ભાગ કરીએ તો ૮૪ થાય ?

(૨૦) દરેક માણસને ૦ાા રૂપીઆ પ્રમાણે ૮૪ માણસોને આપતાં ૩ રૂપીઆ ઘટયા તો મારી પાસે પહેલાં કેટલા રૂપીઆ હશે ?

(૨૧) રૂપીઆની ડાા શેર ખાંડ આવે તો ૧ાા રૂપીઆની કેટલી ?

(૨૨) ૭ રૂપીઆ અને ૬ આનાના આના કેટલા ?

(૨૩) ૨૦ નારંગીનો ૧ાા રૂપીઓ તો ૮૦ નારંગીનુ શુ ?

(૨૪) એક રૂપીઆનું ૦ાા મણ ૪ શેર તો ૨ાા રૂપીઆનુ કેટલુ ?

(૨૫) એક ટોપીના રૂ. ૭ાા પ્રમાણે ૫ ટોપીઓ લીધી, તેમાં મે એને રૂ. ૫૦ ની નોટ આપી તો હું એની પાસે શુ માગું ?

(૨૨) એક રૂપીઆનું ૩ શેર જીરૂ મળે છે તો ૧ પાઇનું કેટલું ?

(૨૭) ૧ાા પૈસાનું ૨ શેર તો ૨ પૈસાનું ?

(૨૮) એક રૂપીઆનું શેર તો ૧ અધોળનું ? ૨ાા રૂપીએ શેર નો દોઢ પાશેરનુ ? રૂપીઆભારનું ?

(૨૯) એક રૂપીએ શેર તો આનાનું ? રૂપીઆનુ ૩ શેર તો ૩ અધોળનું ?

(૩૦) ૧ રૂ. નું મણ તો ૧ શેરનું ? ૫ રૂપીએ મણ તો રૂ. ૦ા~ નુ ?

(૩૧) ૧૧ રૂપીઆનું ૨ળા મણ તો ૨ાા શેરનું ?

(૩૨) ૩ શેરના ૨ા રૂ. તો ૩ મણનું ? રૂપીઆભારની ૬ પાઇ તો મણનું ?

(૩૩) ૭ પૈસાભારના રૂ. ૦ાા૯ તો ૧ાા શેરનું શું બેસે ?
(૩૪) રૂ. ૨-૫-૭ ની પાઇઓ કેટલી ?
(૩૫) રૂપીઆનાં ૬ મણ લાકડાં મળે છે તો ૫ આનાનાં કેટલાં ?
(૩૬) પૈસાનું ૪ાા શેર તો ૩ પાઇનું ? પાઇનું ૧ાા શેર તો પાવલાનું ?
(૩૭) ૨ મણ ૩ શેર ને નવટાંકનાં અધોળા કેટલાં ?
(૩૮) ૩ વારના ૨૪ રૂપીઆ બેસે છે તો ૨૧ વારનું શું બેસે ?
(૩૯) ૮૪૫ રૂપીઆભારનાં શેર ને અધોળાં કેટલાં ?
(૪૦) મણના ૩૫ રૂપીઆ બેસે તો ૮ શેરનું શું ?
(૪૧) ૩ પૈસાનું ૯ શેર તો ૪ પૈસાનું કેટલું ?
(૪૨) ૧૭ પૈસાનું ૦ાા મણ પાા શેર તો પાવલાનું કેટલું ?
(૪૩) ૨૮ મણના ૪૨ રૂપીઆ તો ૧૫ મણનું શું ?
(૪૪) ૨ાા રૂપીઆનું ૩ાા શેર તો ૧૨ રૂપીઆનું ?
(૪૫) ૩૧ પૈસાનું ૨૬ શેર તો ૪૬ાા પૈસાનું ?
(૪૬) ૧૫ ચોપડીઓના ૩૭ાા રૂપીઆ તો ૫૪ ચોપડીઓનું શું ?
(૪૭) ૨૧ આનાનું ૫ાા મણ તો ૧૯ પૈસાનું ?
(૪૮) ૩ાા પૈસાનું ૮ાાા શેર તો રૂપીઆનું કેટલું ?
(૪૯) ૫૭ પૈસાનું ૧૮ શેર તો ૧૪૨ાા પૈસાનું ?
(૫૦) ૧૦ પૈસાનું ૧૨ાા શેર તો ૬૫ પૈસાનું ?
(૫૧) ૧ાા રૂ. નું શેર ૧ાા૦ તો ૨ મણનું શું ?
(૫૨) ૪૬ પૈસાનું ૨૧ શેર તો ૫૭ાા પૈસાનું ?
(૫૩) ૨૩ પૈસાનું ૧૭ાા શેર તો ૯૪ પૈસાનું ?
(૫૪) ૨૮ પૈસાનું ૨૪ શેર તો ૨૧ પૈસાનું ?
(૫૫) ૮ાા પૈસાનું ૪૨ાા શેર તો ૫૩ાા પૈસાનું ?
(૫૬) ૩૯ પૈસાનું ૨૮ શેર તો ૧૯ાા પૈસાનું ?
(૫૭) ૪૭ પૈસાનું ૧૧ાાા શેર તો ૧૪ શેરનું ?
(૫૮) ૮૬ પૈસાનું ૫૫ શેર તો ૨૧ાા પૈસાનું ?
(૫૯) ૦ાા રૂપીઆનું ૦ાા શેર તો ૧૯ાા રૂપીઆનું ?

મુખગણિતમાં ઉપયોગી થાય એવા સરવાળા, બાદ-બાકી, ગુણાકાર અને ભાગાકારની સહેલી રીતો.

સરવાળા.

(૧) કોઇ રકમમાં ૧૦ ઉમેરવા હોય તો દશકમાં એક ઉમેરવો. જેમકે ૧૩ ને ૧૦ કેટલા ? તો ૧૩ માં ૧ દશક અને ૩ એકમ છે. તેમાં ૧ દશક મળે તો ૨ દશક ને ૩ એકમ એટલે ૨૩ થયા.

(૨) દશાથી થોડા વધારે ઉમેરવા હોય તો પહેલા ૧૦ ઉમેરી પછી વધારાના ઉમેરવા. જેમકે ૧૫+૧૧=૧૫+૧૦=૨૫ ને ૧=૨૬.

(૩) બે સંખ્યાનો સરવાળો કરવો હોય તો મોટી સંખ્યા પહેલી લેવી અને નાની બીજી મૂકવી. જેમકે ૨ ને ૧૨ એટલે ૧૨ ને ૨=૧૪.

(૪) કોઇ સંખ્યામાં તેટલાજ ઉમેરવા હોય તો દૂ ગણવું. જેમકે ૨૨+૨૨=બાત્રીશ દૂ ૪૪.

(૫) કોઈ રકમમાં તેની નજીકની સંખ્યા ઉમેરવી હોય તો દૂ ગણી વધારાના ઉમેરવા અથવા ઓછા હોય તો બાદ કરવા. જેમકે ૨૮+૨૯=૨૮ દૂ ૫૬ ને ૧ ૫૭.

(૬) કોઇ સંખ્યામાં ૨૦–૩૦–૪૦ વગેરેની એટલે પૂરા દશકની નજીકની સંખ્યા ઉમેરવી હોય તો ૨–૩–૪ વગેરે દશક ઉમેરી પછી વધારાના હોય તો ઉમેરવા અથવા ઓછા હોય તો તેટલા બાદ કરવા. જેમકે ૪૯ ને ૩૧=૪૯ ને ૩૦=૭૯ ને ૧=૮૦, ૩૬ ને ૧૯=૩૬ ને ૨૦=૫૬–૧=૫૫.

(૭) કોઈ સંખ્યામાં ૨૦–૩૦–૪૦ વગેરે ઉમેરવા હોય તો પહેલી રકમના દશકમાં ૨–૩–૪ વગેરે દશક ઉમેરવા. જેમકે ૬૫+૨૦=૬+૨=૮ દશક ને ૫ એટલે ૮૫.

(૮) **બન્ને રકમના દશક ઉમેરવા અને પછી એ રકમ ઉમેરીને જવાબ કહાડવો.** જેમકે ૪૩ ને ૩૨=૪+૩=૭ દશક અને ૩+૨ =૫ એકમ એટલે ૭૫.

પાણોવાળી રકમો.

(૯) **પહેલી આખી રકમમાં બીજી રકમના પૂર્ણાંક પહેલા ઉમેરવા, અને પછી પાણો ઉમેરવી.** જેમકે ૪||+૧||= સાડાચાર ને એક ૫|| ને ०| ૫|||

(૧૦) **અથવા પૂર્ણાંકમાં પૂર્ણાંક ઉમેરવા અને પછી પાણો એકઠી કરવાથી જે થાય તે ઉમેરવું.** જેમકે ૩|+૪||=૩ ને ૪=૭ + (૪ પાણો) ૧=૮.

(૧૧) **પાણો અને ઉપર હલકી જાતની રકમો હોય તેવી રકમોનો સરવાળો કરવો હોય તો પહિલાં આખી સંખ્યામાં બીજીનાં પૂર્ણાંક ઉમેરવા અને પછી તેની પાણો, પછી ઉતરતી રકમ, પછી તે ઉતરતી રકમની પાણો વગેરે લઇને ઉમેરતાં જવુ પણ તે પહેલી સંખ્યાને તોડવી નહિ.** જેમકે રૂ. ૪||= + ૧||≡ = પહેલાં ૧ ઉમેર્યા તો ૫||= પછી ०|| ઉમેર્યા, તો ૬)= અને પછી ०)≡ ઉમેર્યા તો ૬|− વગેર.

-(૧૨) **કોઇ પૂરા અંકથી થોડાજ ફેરવાળી રકમ ઉમેરવી હોય તો પહેલાં પૂરી રકમ ઉમેરવી અને પછી વધારાના હોય તે ઉમેરવા અથવા ઓછા હોય તો બાદ કરવા.** જેમકે રૂ. ૨૬||=|| + ०|||=|| = પહેલાં ૧ ઉમેર્યો તો ૨૭||=|| પછી ०)−|| બાદ કરતા ૨૭|− વગેરે.

બાદબાકી.

(૧) કોઈ રકમમાંથી ૧૦ બાદ કરવા હોય તો એક દશક ઓછો કરવો. જેમકે ૫૪ ઓછા ૧૦ કેટલા? ૫૪ ના ૫ દશકમાંથી ૧ દશક જાય તો ૪ દશક ને ૪ રહે એટલે ૪૪.

(૨) દશથી થોડા વધારે બાદ કરવાના હોય તો પહેલાં ૧૦ બાદ કરી પછી બીજા વધારાના બાદ કરવા. જેમકે ૨૮-૧૨ =૨૮-૧૦=૧૮ માથી ૨ જાય તો ૧૬.

(૩) ૨૦-૩૦-૪૦ વગેરે બાદ કરવાના હોય તો પહેલી રકમના દશકમાંથી ૨-૩-૪ વગેરે દશકા બાદ કરવા. જેમકે ૭૦ -૪૦=૭-૪=૩ દશકા.

(૪) કોઈ સંખ્યામાંથી ૨૦-૩૦-૪૦ એટલે પૂરા દશકની નજીકની સંખ્યા બાદ કરવી હોય તો પહેલાં નજીકના પૂરા દશકવાળી સંખ્યા બાદ કરવી. પછી વધારે બાદ થયા હોય તો તેટલા ઉમેરવા અને ઓછા બાદ થયા હોય તો તેટલા બાદ કરવા. જેમકે ૧૯૬-૨૮=૧૯૬-૩૦=૧૬૬+૨=૧૬૮.

(૫) બન્ને રકમના દશકમાંથી દશક અને એકમમાંથી એકમ બાદ કરીને જવાબ કહાડવો. જેમકે ૧૭૫-૩૨=૧૭-૩=૧૪ દશકા અને ૫-૨=૩ એકમ=૧૪૩.

(૬) બાદબાકીની બન્ને સંખ્યા નજીકની હોય તો નાની સંખ્યા મોટીમાંથી બાદ કરવા કરતાં નાનીમાં કેટલા ઉમેરીએ તો મોટી સંખ્યા આવે એમ કરવાથી સહેલુ થાય છે. જેમકે ૪૭-૩૯=૩૯ ને કેટલા ૪૭?

પાણાવાળી રકમો.

(૭) પહેલી આખી રકમમાંથી બીજીના પૂર્ણાંક બાદ કરવા, અને પછી પાણા બાદ કરવી. જેમકે ૪ા-૧ા=૪ા માંથી ૧ જાય તો ૩ા ને ૩ા-૦ા=૩.

(૮) પાણો અને ઉપર હલકી જાતની રકમો હોય તેવી રકમોની બાદબાકી કરવી હોય તો પહેલાં પહેલી આખી સંખ્યામાંથી બીજીના પૂર્ણાંક બાદ કરવા. પછી તેની પાણો, પછી ઉતરતી રકમ, પછી તે ઉતરતી રકમની પાણો વગેરે બાદ કરતાં જવું પણ પહેલી સંખ્યાને તોડવી નહિ. જેમકે રૂ. ૧૨।।।= – ૨।ાના = પહેલાં ૨ બાદ કર્યા તો ૧૦।।।= પછી ૦।। ગયો તો ૧૦।= પછી ૦)ના ગયો તો ૧૦। ૦।। રહ્યો વગેરે.

(૯) કોઇ પૂરા અંકથી થોડાજ ફેરવાળી રકમ બાદ કરવી હોય તો પહેલાં પૂરી રકમ બાદ કરવી અને પછી વધારાના હોય તો ઉમેરવા કે ઓછા હોય તો બાદ કરવા. જેમકે મણ ૪। ૪।। માંથી મણ ૧।।। ૮।। બાદ કરીએ તો મણ ૨ બાદ કરીને ૫।। શેર ઉમેર્યા તો મણ ૨। ૭.

ગુણાકાર.

(૧) કોઇ રકમને દશે ગુણવા હોય તો પુર્ણાંક હોય તો ઉપર મીડું ચઢાવવું. જો છેવટે એક પાણ હોય તો પાણને બદલે ૨।। મૂકવા, બે પાણ હોય તો ૫ અને ત્રણ પાણ હોય ૭।। મૂકવા. જેમકે ૭×૧૦=૭૦, ૮।×૧૦=૮૨।।, ૪।।×૧૦=૪૫ અને ૪।।।×૧૦= ૪૭।।.

(૨) ૨૦-૩૦-૪૦ વગેરેએ ગુણવા હોય તો ૨-૩-૪ વગેરેએ ગુણી તે ઉપર મીડું ચઢાવવું અથવા તેટલા દશકા સમજવા. જેમકે ૧૯×૨૦=૩૮૦.

(૩) પાંચે ગુણવા હોય તો એટલાં અડધાં ગણવાં અને દશકા સમજવા. જેમકે ૧૧×૫=૧૧×૦।।=૫।। દશકા એટલે ૫૫.

(૪) ૧૫-૨૫-૩૫ એટલાએ ગુણવા હોય તો ૧।।-૨।।-૩।। થી ગુણી એટલા દશકા સમજવા. જેમકે ૨૬×૧૫=૨૬ દોઢે ૩૯ દશકા વગેરે.

(૫) ૨ા-૭ા-૧૨ા એટલાએ ગુણવા હોય તો ૦ા-૦ાા અને ૧ા એ ગુણી એટલા દશકા સમજવા. જેમકે ૪૪×૨ા=૪૪ પા ૧૧ દશકા વગેરે.

(૬) સોએ ગુણવા હોય (એટલા સેંકડા હોય) તો પૂર્ણાંક હોય તો બે મીડાં ચઢાવવાં. જો છેવટે એક પાણ હોય તો તેને બદલે ૨૫, બે પાણ હોય તો ૫૦ ને ત્રણ પાણ હોય તો ૭૫ મૂકવા. જેમકે ૩×૧૦૦=૩૦૦, ૨ા×૧૦૦=૨૨૫, ૨ાા×૧૦૦=૨૫૦ અને ૨ાાા×૧૦૦=૨૭૫.

(૭) ૨૫-૫૦-૭૫-૧૨૫-૧૫૦-૧૭૫-૨૫૦-૩૫૦ એટલાએ ગુણવા હોય તો ૦ા-૦ાા-૦ાાા-૧ા-૧ાા-૧ાાા-૨ાા-૩ાા એટલા સો છે માટે તેટલાએ ગુણીને સો સમજવા. જેમકે ૯×૨૫=નવ પા સવા બે સેંકડા એટલે ૨૨૫ વગેરે.

(૮) કોઇ પુર્ણાંક રકમને પાણાવાળી રકમે ગુણવા હોય તો પહેલાં પાણા કાઢી નાંખી પુર્ણાંકથી ગુણવા અને પછી પહેલી રકમને બાકી રહેલી પાણાથી ગુણીને ઉમેરવા. જેમકે ૧૪×૩ા= ચૌદ તરી બેંતાળીસ, અને ચૌદ અર્ધે સાત, મળીને ૪૯.

(૯) આગળના પુર્ણાંકથી ગુણી તે રકમમાંથી ગુણવાની રકમ ગુણેલા પુર્ણાંકથી જેટલી ઓછી હોય તેટલાએ ગુણીને તે રકમ બાદ કરવી. જેમકે ૧૬×૪ા=સોળ પચાં એંશી, તેમાંથી સોળ પા ચાર જાય તો ૭૬.

(૧૦) બન્ને તરફના દશકા લઈને ગુણાકાર કરીએ તો જવાબ સેંકડા આવે. જેમકે ૧૨૦×૩૫=૧૨×૩ા=૪૨ સેંકડા એટલે ૪૨૦૦.

(૧૧) બીજા ગુણાકારોમાં જેનો ગુણાકાર કરવો સહેલો પડે તેવી ગુણકની નજીકની સંખ્યાએ ગુણ્યને ગુણવા. પછી ખરો ગુણક જેટલો વધારે અથવા ઓછો હોય તેને ગુણ્યથી ગુણીને તેમાં ઉમેરવા કે ઓછા કરવા. જેમકે ૬૪×૯૯=૬૪×૧૦૦=૬૪૦૦-૬૪×૧=૬૩૩૬.

ભાગાકાર.

(૧) કોઇ રકમને ૧૦-૨૦-૩૦ વગેરે મીડાંવાળી રકમે ભાગવા હોય તો જમણી તરફનો એક આંકડો કાપીને ૧-૨-૩ વગેરેએ ભાગવા, અને તેમાં જે શેષ વધે તેની સાથે જમણી તરફનો એક આંકડો મૂકી દેવો, એ બધા શેષ સમજવા. જેમકે ૧૩૫÷૧૦=૧૩ ને ૫ શેષ વગેરે.

(૨) જે રકમને સેંકડાથી એટલે ૧૦૦-૨૦૦-૩૦૦ વગેરેથી ભાગવા હોય તો છેલ્લા બે આંકડા કાપીને ઉપર પ્રમાણે કરવું. જેમકે ૨૪૬૫÷૨૦૦=૧૨, ને ૭૫ શેષ.

(૩) ૦। એ ભાગવા હોય તો ચારે ગુણવા. જેમકે ૨૭÷૦। =૨૭×૪=૧૦૮.

(૪) ૦॥ એ ભાગવા હોય તો બમણા કરવા. જેમકે ૧૮ ÷૦॥=૧૮×૨=૩૬.

(૫) ૦॥। એ ભાગવા હોય તો ૪ એ ગુણી ૩ એ ભાગવા જેમકે ૩૩÷૦॥।=૩૩×૪=૧૩૨÷૩=૪૪.

નીચેના કોઠાનો બહુજ અભ્યાસ કરાવવો.

પાયે પાયે ૧ આનો.			પા અધેં ૨ આના.			પા પોણે ૩ આના.			પાયે પાયે ૧ આનો		
૦। ×	૦। =	૦)~	૦। ×	૦।। =	૦)≈	૦। ×	૦।।। =	૦)≋	૦। ×	૦। =	૦)~
૦।।	૦।	૦)≈	૦।।	૦।।	૦।	૦।।	૦।।।	૦।≈	૦।।	૦।।	૦।
૦।।।	૦।	૦)≋	૦।।।	૦।।	૦।≈	૦।।।	૦।।।	૦।।~	૦।।।	૦।।।	૦।।~
૧	૦।	૦।	૧	૦।।	૦।।	૧	૦।।।	૦।।।	૧।	૧।	૧।।~
૧।	૦।	૦।~	૧।	૦।।	૦।।≈	૧।	૦।।।	૦।।।≋	૧।।	૧।।	૨।
૧।।	૦।	૦।≈	૧।।	૦।।	૦।।।	૧।।	૦।।।	૧)≈	૧।।।	૧।।।	૩)~
૧।।।	૦।	૦।≋	૧।।।	૦।।	૦।।।≈	૧।।।	૦।।।	૧।~	૨।	૨।	૫)~
૨	૦।	૦।।	૨	૦।।	૧	૨	૦।।।	૧।।	૨।।	૨।।	૬।
૨।	૦।	૦।।~	૨।	૦।।	૧)≈	૨।	૦।।।	૧।।≋	૨।।।	૧।।।	૩।।।
૨।।	૦।	૦।।≈	૨।।	૦।।	૧।	૨।।	૦।।।	૧।।।≈	૨।।।	૩।।	૮।।।

સોલ એજંટ.

છોટાલાલ રણછોડદાસ,

સરસ્વતી બુકડીપો.

નડિઆદ.